ૐ

જય અંબે

શક્તિ સ્તવન.

(ગરબા વિગેરે.)

પ્રકાશક,

શ્રી અંબિકા ઔદિચ્ય હિતેચ્છુ મંડળ

તરફથી

મણીલાલ મનસુખરામ પંડ્યા

અને

બાપાલાલ હરનારાયણ પંડિત.

મંત્રિઓ–સાણંદ.

મુદ્રક—પુરસોતમ શંકરદાસ પટેલ

ઉત્કૃષ્ટ મુદ્રણાલય ૫૯૭ ગાંધીરોડ–અમદાવાદ.

પ્રથમાવૃત્તિ — પ્રત ૧૦૦૦

સંવત ૧૯૮૦ — સને ૧૯૨૪

કિંમત બે આના.

નિવેદન

જગતનાં આદ્ય શક્તિ કે જે અનેક બ્રહ્માંડાને પોતાના નિમિશ માત્રમાં સૃજે છે, પાલન કરે છે અને પોતામાં લય કરે છે, તેમ જ ચારે વેદ જેનું વર્ણન કરતાં થાકતા નથી. તેવાં નિરંજન નિરાકાર ભગવતી સ્વરૂપા પરમેશ્વરી પરાશક્તિનું જેઓએ સ્મરણ, મનન ધ્યાન, કિવા સ્તુતિ. કરી નથી તેવાનો માનવજન્મ સર્વથા વ્યર્થ છે.

આ લઘુ પુસ્તકમાં તે આદ્ય શક્તિની મુખ્ય કળારૂપ વ્યક્ત, અને સાકાર સ્વરૂપની પોતાના બુદ્ધિબળપૂર્વક કેવળ પરમાર્થને માટે રચાએલી ગરબાઓ વિગેરે પસંદ પડવાથી, અને આવતા નવરાત્રિના તહેવારોમાં અન્ય ભક્તજનોથી ગાઇ શકાય તેવા ઉદ્દેશથી અત્રેના (સાણંદના) શ્રી અંબીકા ઔદિચ્ય હિતેચ્છુ મંડળ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી છે. તો આશા છે કે તેનો લાભ લેવા સૌ કોઈ ચુકશે નહિ

આજકાલ પ્રસિદ્ધ થતાં પુસ્તકો ધનની આશાએ કે યશની આશાએ અથવા તો કવચિત્ જ્ઞાનવૃદ્ધિના આશયથી જનસમુહના હાથમાં મુકવામાં આવે છે. પરંતુ આ પુસ્તક ઉપરના આશયોથી નિરાળુ હોઇ કેવળ ધર્મવૃદ્ધિને માટે અને જગદંબાની સ્તુતિ પ્રાર્થનાને અર્થે યોજાએલું હોવાથી સજ્જનોએ સ્વીકારવા યોગ્ય છે તેમજ સ્ત્રીઓને માટે ખાસ ઉપયોગી છે. અસ્તુ.

નિવેદન કર્તા,

બાપાલાલ હરનારાયણ પંડિત.

અર્પણ પત્રિકા.

અહો અંબા ! અહો અંબા !
જગત જનની અહો અંબા !
જગન્માતા જગત વંદ્યા
સદા ઉરમાં વસો અંબા
નથી હું જાણતો ભક્તિ
નથી ગુણ ગાનની શકિત
નથી હું જાણતો યુકિત
ભવાની ! આપજો મુકિત
રચ્યું મેં અલ્પ બુદ્ધિએ
તમારી મ્હેરબાની તે
ન મારૂં એ તમારૂં જે
તમોને તે સમર્પણ છે

પંડીતપર્ણકૂટી
આણંદ
તા ૨૮-૯-૨૪
રવીવાર

હું છું
તારો ચરણરજ સેવક,
બાપાલાલ હરિનારાયણ પંડિત.

સાણંદ અને કોઠ સ્ટેટના ઠાકોર સાહેબને

અભિનંદન.

જય ભાગ્યવંત ભુપાળ ભારત વર્ષ ભાલ પ્રદેશના,
યશવંત બુદ્ધિમંત ને ગુણવંત મનહર વેશના:
વદને દુતી પ્રતિભા ભલી બે નયન મિષ્ટ રસાળ છે.
તવનામ ઉજ્વળ યશ ભર્યું વદવા વદન લલચાય છે—૧
સિંહનાદથી બની મ્હાત્ અરિજન ગુપ્ત ભાગી જાય છે,
હરિ લીધ મન તે મુગ્ધજન તમ દર્શને હરખાય છે:
જીવનરૂપી વન રસ ભર્યું પ્રફુલ્લિત પુષ્પની વાસ છે,
વિકસંત પરિમલથી ભર્યું આશિષને અર્પાય છે.—૨
જગદેવ શંકર **ભાવનાથની** સેવમાં આનંદ છે,
યદુનંદશા સુખકંદ પ્રિયજનને પ્રણયના ફંદ છે:
પામો સદા સુખ સંપતિ વામો સકળ સંતાપને,
મોહાવજો નિર્મળ ગુણે જગવંદ્ય જગદંબા હવે.—૩

અમે છીએ,

મણીલાલ મનસુખરામ પંડયા.

બાપાલાલ હરિનારાયણ પંડિત.

મંત્રિઓ

શ્રી અંબીકા ઔદિચ્ય હિતેચ્છુ મંડળ

સાણંદ.

જય અંબે

"શક્તિ સ્તવન"

૧ હરિગીત

વિશ્વેશ્વરી જગદીશ્વરી, તું વ્યાપ્ત આખા વિશ્વમાં,
તુજથી નથી કંઇ ભિન્ન ભાળું આણુ તવ ચોદિશમાં;
જળમાંહિ તું સ્થળમાંહિ તું અણુએ અણુમાં વ્યાપ્ત તું,
બ્રહ્માંડ આ વીલસી રહ્યું ત્હારી પ્રભા પગટાવ તું.
તુજ રૂપ એક અનેક રૂપે ભાસતું આ વિશ્વ છે,
તુજ એકમાં સર્વનો અંતે થવો પરિણામ છે;
તુ વિસ્તરે માયા અને સંકેલતી વિશ્વંભરી!
રમતી રમત દિનરાત હસતી દિવ્ય અનુપા સુંદરી.
આધાર તારા એક વિણના પર્ણ પણ હાલી શકે,
તુજથી જ પ્રાણી માત્ર કંઇકંઇ કાર્ય ચેષ્ટું છે લવે;
તુજ અંકમાં રમવા અહો ચિર હાંશ છે અખિલેશ્વરી,
કરતવ ફરે અમ શીરપર મતિ એમ સૌની ઇચ્છતી.
તુજ મહેરથી તરી સિંન્ધુઆ સુખિઆ બની તુજને સ્મરી,
બનતી ફરજ બજવી સદા. સૌ ચિત્તમાં રહેશે ઠરી:
આશીષ દો દિવ્યાંગના! કર મ્હેર માતા વિશ્વની,
અથવા ઘટેના કોઇ દીન મમતા શિશુપરની જરી.

ઋષિકુમાર.

૨ બ્રહ્મમયીનો ગરબો

મા બ્રહ્મપદે પદ શોભતું મા બ્રહ્મમયી
મા દિવ્ય પ્રકાશે દીપતું મા બ્રહ્મમયી. ૧
મા જગમગ જ્યોત પ્રકાશતી મા ,,
મા શુદ્ધ સનાતન ભાસતી મા ,, ૨
મા ઉદ્ભવ ઇચ્છા રૂપ થઈ મા ,,
મા **एको हम बहु श्याम**ની મા ,, ૩
મા બ્રહ્મ અલક્ષ જગાડતી મા ,,
મા છાયા અદ્ભૂત આપતી મા ,, ૪
મા વિલાસાવી નિજરૂપને મા ,,
મા રમતી વિશ્વ અનુપને મા ,, ૫
મા આ વરનાં ઉર પ્રેમથી મા ,,
મા બ્રહ્મ ભુલાવ્યો સહેલથી મા ,, ૬
મા શબ્દ બ્રહ્મ ૐ કારમાં મા ,,
મા આવસ્યાં ઉલ્લાસમાં મા ,, ૭
મા શુક્ષ્મ તત્વ વિકસાવીયાં મા ,,
મા આકાશા દિબ નાવીયાં મા ,, ૮
મા ચૌદ ભુવન ભાવે રચ્યાં મા ,,
મા ત્યાં પણ આપ પ્રિતે વસ્યાં મા ,, ૯
મા દશ્યા દશ્યે મહાલતાં મા ,,
મા બ્રહ્મ ભલો રિઝાવતાં મા ,, ૧૦
મા જ્યા જ્યા દ્દષ્ટ જઈ પડે મા ,,
મા ત્યાં ત્યાં તું નજરે ચડે મા ,, ૧૧

મા ગ્વિરથમાં તું રાજતી   બ્રહ્મમયી
મા ચાંદ્રલોગો ચમકાવતી   મા ,,   ૧૨
મા તારક ગણના તેજમાં   મા ,,
મા જળનિધિની જગ લહેરમાં મા ,,   ૧૩
મા સર્વ સ્થળે શોભી રહ્યાં   મા બ્રહ્મમયી
મા અનેક રૂપ ધરી રહ્યાં   મા ,,   ૧૪
મા પ્રગટ કર્યું આ વિશ્વને   મા ,,
મા પોશવામાં પણ પ્રિત છે   મા ,,   ૧૫
મા લય કરવામાં લક્ષ છે   મા ,,
મા ત્રણરૂપે પ્રત્યક્ષ છે   મા ,,   ૧૬
મા જનની રૂપે સરસ્વતી   મા ,,
મા મહાલક્ષ્મી થઈ પોષતી   મા ,,   ૧૭
મા મહાકાળીના રૂપથી   મા ,,
મા વિશ્વ સમેટે સુખથી   મા ,,   ૧૮
મા માયામાં મોહ્યા સહુ   મા ,,
મા દેવ દૈત્ય ભૂલ્યા બહુ   મા ,,   ૧૯
મા વિરાટ વિશ્વ સ્વરૂપ તું   મા ,,
મા ભિન્ન નહિ તુજથી કશું   મા ,,   ૨૦
મા સચરા ચરમા વ્યાપ્ત તું   મા ,,
મા અવ્યક્ત ને વળી વ્યક્ત છું મા ,,   ૨૧
મા અનુપ તારા અંકમાં   મા ,,
મા રમતાં સહુ આનંદ   મા ,,   ૨૨
મા ભક્ત ઉધાર્યા ભાવથી   મા ,,
મા દળિયા દાનવ દાવથી   મા ,,   ૨૩

મા મહામાયા માહેશ્વરી   બ્રહ્મમયી
મા નિલગ્રીવા નિરંજની   મા ,,   ૨૪
મા શંકર. શક્તિ, સારદા.   મા ,,
મા કમળા, કૃષ્ણા, કાળિકા.   મા ,,   ૨૫
મા રમ્ય સ્વરૂપા છો રમા !   મા ,,
મા દેવ સકળની દિવ્યતા   મા ,,   ૨૬
મા વજ્જવરા વિશ્વંભરા   મા ,,
મા શંકાહર છો ત્રિપદા   મા ,,   ૨૭
મા કરૂણાળી કરૂણા કરી   મા ,,
મા રક્ષા અર્જ ઉરે ધરી   મા ,,   ૨૮
મા વ્યાકુળ ચિતડું ઠારજે   મા ,,
મા સદાય ભક્તિ આપજે   મા ,,   ૨૯
મા સંવત એંશી સાલની   મા ,,
મા વાર ભૃગુજ-માઘમિ   મા ,,   ૩૦
મા નાકું અર્પણ તુજને   મા ,,
ક્ષમા કરો ભુલચુકને   મા ,,   ૩૧

૩   મણીશંકર દેવશંકર વ્યાસ.

ધન અંબે માનસરોવરે સાણંદમાં સ્થાનક જાણને
માનું ગામની મધ્યે દેરું છે. સોભામાં અધિક અનેરૂં છે
ભક્તોને મન ભાવ્યું છે.   ધન અંબેમાત ૧
ગનામુખ રઘુનંદન રાજે છે વચ્ચે મહાદેવ બીરાજે છે
માની નોબત હરદમ ગાજે છે.   ધન અંબેમાત ૨
મા માનું દેરૂં રસ્તા ઉપરજે મહીં તપતા હાંડી ઝુમર છે
સૌ અધર્મ અહીંથી બહુ દૂર છે   ધન અંબેમાત ૩

સૌ પંખી રમતાં રાચીને કર્યો ચણુતરો બ્રહ્મચારીએ
મા એડાં જુએ છે ધારીને ધન અંબે માત ૪
માને પાયે ઝાંઝર ઝમકે છે કંકણુ કર માંહી ઠમકે છે.
માંને કાને લોળીયું લળકે છે ધન અંબે માત ૫
માને ભાલે ટીલડી ટપકે છે. માને નાકે નથની ચળકે છે
માનું મુખડું મધુરૂં પલકે છે ધન અંબે માત ૬
શુભ વસ્ત્રાભૂષણ અંગે છે વળી બહેની બહુચર સંગે છે
માની આંખડી રાતી રંગે છે ધન અંબે માત ૭
માએ હાથે ત્રીશુળ ઝાલ્યું છે. માંએ દૈત્યકુળ સંહાર્યું છે
માએ ભક્ત દુઃખ નિવાર્યું ધન અંબે માત ૮
સંવત ઓગણી અગનાએંસી શુભ માસ અધિક વદી દશમી
અમ ઉર રહ્યો રવીવાર વસી ધન અંબે માત ૯
માની મહેર થતાં શું મોઘું છે ? અંબીકાનું મંડળ બાંધ્યું છે
સૌ બ્રહ્મબાળ થકી સાંધ્યુ છે ધન અંબે માત ૧૦
તુજ મંડળની આગેવાની દ્વિજ શંકરલાલે છે ધારી
માજી ભકતજનોને દ્યો તારી. ધન અંબે માત ૧૧
માના નવરાત્રિ દીન આવે છે; ભક્તોના મનને ભાવે છે
ઉર આનંદ ધારી વધાવે છે ધન અંબે માત ૧૨
ગાય ગરબા ત્યાં નરને નારી, માની સોભા બને છે બહુ સારી
ફુલ પાંખડી લ્યો મા સ્વીકારી ધનં અંબે માત. ૧૩
મા બ્રાહ્મણુ આદી સૌ જનને વળી તુજ આસરે જે જે રહે
કરઆનંદ આનંદ આનંદરે ધન અંબે માત ૧૪
આ ભવસાગર ડુબતાં હોડી મા કરજે સહાય સદા દોડી
"ઋષિકુમાર" કહે છે કર જોડી; ધન અંબે માત ૧૫

ઋષિકુમાર

સખિ સુણજો સાચી વાત સરસ મઝાની છે:
જગજનની જગ વિખ્યાત માત હજારી છે, ૧
શુભ સાણંદ પશ્ચિમ દિશ જગ્યા સારી છે
જે જોતાં વાધે પ્રિત મન હરનારી છે ૨
માનું મંદિર ચોક વિસાળ ભવ્ય પુરાણું છે,
ત્યાં ગરબે ગાવા કાજ સખિ મન મારૂં છે. ૩
મા ઉંચે આસને આજ બેઠાં દિસે છે;
માનું મુખડું દેખી મંન સખિ મારૂં રીઝે છે, ૪
જાણે ઉગ્યો પુનમ ચંદ્ર તેજ પ્રકાશે છે.
માની ટીલડી કરે તેજ મોહ પમાડે છે; ૫
માને હજાર રૂડા હાથ આયુદ્ધ ધાર્યા છે,
કંઇ દેવાને વરદાન હાથ પસાર્યા છે ૬
મા હસતાં મુખ ઉલ્લાસ અંગે વ્યાપ્યો છે.
આ જગત ઉપરનો મોહ માયે કાપ્યો છે: ૭
સખિ નવરાત્રિના દિન રૂડા આવ્યા છે,
માને ગરબે રમવા માટ મનમાં લાવ્યાં છે. ૮
સખિ ઠમકે મારી ડેસ તાલી પાડોને;
મારી હજારી માને આજ હેત પમાડોને, ૯
મા વસીયાં અંજાર દેશ માત અંજારી તે.
પણ હાથ હજારો માટ માત હજારી છે; ૧૦
માનાં દર્શન કરવા કાજ બહુ જન આવે છે,
કંઇ મેવા મિઠાઇ થાળ હરદમ લાવે છે. ૧૧
માનું દર્શન કરતાં નિત્ય કષ્ટો કાપે છે
મા સૌપર રાખી મહેર શાન્તિ આપે છે, ૧૨

માને પાસે હોમ હવન રૂડા થાયે છે.
ત્યાં બ્રાહ્મણુ ભણુતા વેદ મંત્ર ઉચ્ચારે છે. ૧૩
મા સેવક જનની આશ અંતર ધારે છે.
મા ભક્તિનું ફળ તર્ત પોતે આપે છે. ૧૪
ધન્ય ધન્ય હજારી માન ગરબે આવોને.
મારા ભવનાં સંકટ આજ માત વિદારોને. ૧૫
મારા દિલમાં કરજો વાસ ભક્તિ આપોને.
મારે માથે મૂકી હાથ દુઃખડાં કાપોને. ૧૬

૫ રૂકમિકુમાર

ધન્ય ધન્ય સાણંદ રૂડું શહેર કે માની મહેર છે રે લોલ
વસતી વર્ણ અઢારે ત્યાંય કે લીલા લ્હેર છે રે લોલ ૧
સરવર માનસ સરનાં જેવાં કે ચારે દિશમાં રે લોલ
ચૌટા ચાર મનોહર મોટાં કે વચમાં દિપતાં રે લોલ ૨
રાણા વાઘેલ કુળનું રાજ્ય કે સાણંદ શહેરમાં રે લોલ
વચ્ચે ચોક મઝાનો રૂડો કે હોળિ ચકલા તણો રે લોલ ૩
અંબા આરાસુર નિવાસી કે ફરવા નિસર્યાં રે લોલ
રમતાં ગરબે ગોરી સાથ કે મનડાં ત્યાં ઠર્યાં રે લોલ ૪
જાણી ભક્ત હૃદયનો ભાવ કે મનસુબો કર્યો રે લોલ
કરવા ધામ કરી આજ્ઞા કે મંદિર બની રહ્યાં રે લોલ ૫
સામું રામજી મંદિર શોભે કે વચમાં ચોક છે રે લોલ
વચ્ચે વસતા ભોળા નાથ કે માના ચોકમાં રે લોલ ૬
આવે નવ રાત્રિના દિન કે અતિ રળિયામણા રે લોલ
વાગે ચોઘડીયાં શરણાઇ કે આનંદ ત્યાં ઘણા રે લોલ ૭

વાગે ભેર ભૂંગળ ને તૂર કે દુંદુંભી ગડગડે રે લોલ
મોટા ઢોલ તણા ધમકાર કે નાંસા તડતડે રે લોલ ૮
મા તારા ઉગમણા દરવાજા કે ગોખ વિસાળ છે રે લોલ
હાંડી ઝુમ્મરનો નહિ પાર કે ઘણી ઘડીઆળ છે રે લોલ ૯
ગરબો રમવા ગોરી આવે કે સઉ ટોળે મળી રે લોલ
અંબા જુએ તમારી વાટ કે મંદ લળી લળી રે લોલ ૧૦
મા તારા મુખડાની શોભાય કે કેમે કરી કહું રે લોલ
જાણે ઉગ્યા સૂર્ય હજાર કે મન એવું લહું રે લોલ ૧૧
મા તારી ચુંદડી રંગ ઝબોળ કે આડ કપાળમાં રે લોલ
મા તારૂં નમતું રૂડું નાક કે ગોળકપોલ છે રે લોલ ૧૨
મા તારી ઝાલ ઝબુકે વીજ કે રત્ન જડીત્ર છે રે લોલ
નાકે નિલમ મણીની વાળી કે જાણે ચિત્ર છે રે લોલ ૧૩
ઉજવળ દાડમ કળી શા દાંત કે ઓષ્ટ અતિ રૂડા રે લોલ
કંઠે ગજ મુક્તાના હાર કે અતિશે ઉજળા રે લોલ ૧૪
મા તારા કંકણના ખખડાટે કે મનડા મોહી રહ્યાં રે લોલ
મા તારા ઝાંઝરના ઝણકારે કે ભાન ભૂલી ગયાં રે લોલ ૧૫
મા તારાં નયન રસિલાં બેય કે અમી વર્ષી રહ્યાં રે લોલ
મા તારી ઘુઘરીનો ઘમકાર કે નાદ સૂણી રહ્યાં રે લોલ ૧૬
મા તારા ગરબે રમવા હોંશ કે અમને અતિ ઘણી રે લોલ
મા તમે આવો અંબા દોડી કે રાત ઘણી ગઇ રે લોલ ૧૭
આવ્યાં આવ્યાં અંબા માત કે ફુંદડી ફરી રહ્યાં રે લોલ
મા તારા ચરણ તણે ઠમકારે કે સર્વે રમી રહ્યાં રે લોલ ૧૮
મા તારી તાળી પડતાં એક કે ત્રિભુવન ડોલતું રે લોલ
મા તારો સૂણનાં રૂડો સાદ કે જગ મોહી જતું રે લોલ ૧૯

મા તારા સેવક જનની આશ કે અંતરમાં ધરે રે લોલ
અંબા રાખો અમપર મહેર કે શીરે કર ધરો રે લોલ ૨૦
ગરબો શિખે સૂણે ને ગાય કે જમ અળગા રહે રે લોલ
પામે અંબા ચર્ણે વાસ કે ગરબે જે રમે રે લોલ ૨૧

મણિશંકર દેવશંકર વ્યાસ

રચી માયા અદ્ભૂત મારી માવડીરે (૨)
જ્યારે બ્રહ્મા વિષ્ણુને ન આવડીરે (૨) રચી.
ઉગે સૂર્ય શશી તારા પ્રતાપથીરે
રચ્યું વિશ્વેશ્વરી તેં બધું માયાથીરે (૨) રચી.
દશે દિશમાં તું વ્યાપી વિશ્વંભરીરે
જન્મે આપે જીવાડે જીવો બધારે
વળી સંહાર કરતી તું કાળીકારે (૨) રચી.
કરો દેવી દયા દાસ ઉપરેરે
ઉર અજ્ઞાની આપને વિનવેરે
ઝૂકી ઝૂકી આ શીર આપને નમેરે (૨) રચી.

મણીશંકર દેવશંકર વ્યાસ.

અખંડ જ્યોતિ ઇશ્વરી
વિચિત્ર વિશ્વ વિસ્તરી,
પ્રભુત્વ પ્રૌઢ વાપરી
ભુગોળ ભવ્યતા ભરી; ૧
મમત્વ મોહીની ! ધરી
અવ્યક્ત વ્યક્ત તું હરી

વદન-વિશુદ્ધ સુંદરી
  વિજય પ્રભા પ્રિતે વરી: ૨
ઉદારતા ઉરે ધરી.
  અનુપ યુક્તિ આદરી
અગાધ વિશ્વ આવરી
  મનુજ મુક્તીમાં ઠરી. ૩
અગમ્ય યોગથી સરી
  વિમુગ્ધ બ્રહ્મ છાવરી;
વિચિત્ર ચિત્ર ચિતરી,
  કૃપા કુમારી! તેં કરી. ૪
જપું ક્ષમે જગેશ્વરી!
  ભજુ ભલાં ભૂતેશ્વરી!
પ્રણામ પદ્મજા! કરી
  રહું સદા હદે ધરી ૫

મણીશંકર દેવશંકર વ્યાસ

આરતી

જય દુર્ગા દેવિ મા જય દુર્ગા દેવિ,
ચાર પદારથ પામું (૨) ચરણ કમળ સેવી જય દુર્ગા૦
પડવે આણી પ્રિત ઇચ્છા અંતરમાં કીધી,
એક અધિક હું થાઉં (૨) વ્યાપુ બહુજ વિધિ જય દુર્ગા૦
દ્વિતિયા દ્વૈત સમાન કર્તા કાર્ય થયાં આપે,
પંચભૂતો પ્રગટાવ્યાં (૨) પલમાં પદ્માએ જય દુર્ગા૦

તૃતિયા તેં ત્રિગુણાત્મક ત્રણ રૂપો ધારી,
ત્રીભુવન ભાવે રચિયાં (૨) અકળ કળા ધારી જય દુર્ગા૦
ચોથે ચારે વેદ અદ્‌ભૂત જ્ઞાન થકી કાધા,
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) નિજ મુખથી ગાતા જય દુર્ગા૦
પંચમી પાંચે પ્રાણ પ્રેમ કરી પોષ્યા,
પંચેંદ્રિ પ્રાણીને (૨) પંચ વિષય પોષ્યા જય દુર્ગા૦
ષષ્ટિ ષડ્‌દલ મધ્ય આસન અનુપમ ઉપજાવી,
સ્થિર થયાં સૃષ્ટિમાં (૨) અવિચળ ૐકારી જય દુર્ગા૦
સાતમ સપ્ત ઋષિકુલ સેવે સુખદાઇ,
સપ્ત સૂરે ગુણ ગાતા (૨) બહુબહુ શીરનામી જય દુર્ગા૦
અષ્ટમી અષ્ટભૂજા અંબા! અસૂર ઘણા માર્યા,
દાનવ દળ સંહારવા (૨) રૂપ અનુપ ધાર્યા જય દુર્ગા૦
નોમે નવખંડ માંહ્ય નવ દુર્ગા આવ્યાં,
નવરૂપે નવચંડી (૨) ભક્ત હૃદય ભાવ્યાં જય દુર્ગા૦
દશમે દિવ્ય સ્વરૂપ સીતા રૂપ ધરી,
દૈત્ય દશાનન રોળ્યો (૨) ભૂનો ભાર હરી જય દુર્ગા૦
એકાદશી એકાદશ રૂદ્ર થયા રાજી,
અનંત મુખ હજારે (૨) ગુણ ગાતા ગાજી જય દુર્ગા૦
દ્વાદશ દિવ્ય સ્વરૂપ દશ દિશામાં વ્યાપ્યાં,
દુઃખ સકળનાં ટાળી (૨) સુખ સંપત આપ્યાં જય દુર્ગા૦
તેરશ તું તૈયાર તારક ત્રિભુવની ત્રાતા,
તું તુળજા તારૂણી (૨) તન મન ધન દાતા જય દુર્ગા૦
ચૌદશ ચૌદ લોક વ્હાતા ચિત્ત ધરી,

ચતુરભુજ ચામુંડ (૨) ગાયત્રી ગવરી જય દુર્ગા૦
પુનમ પૂર્ણ કરો (માતા) મુજ મનની આશા,
તારો હાથ ગ્રહીને (૨) જય જય જગમાતા જય દુર્ગા૦

મણીશંકર દેવશંકર વ્યાસ

વિજ્ઞપ્તિ.

સાણંદ નિવાસી સર્વ સજ્જનોને સારી પેઠે સુવિદિત છે અત્રે સંવત ૧૯૭૯ના અધિક જેઠ વદી ૧૦ ને રવિવારને દિવ અંબિકાના આશ્રય નિચે સ્થપાએલું " શ્રી અંબિકા ઔદિચ્ય હિતેચ્છુ મંડળ " પોતાના તનમન અને ધનથી પ્રેમપૂર્વક ભગવતિ અંબિકાના સેવા ઉઠાવતાં જ્ઞાતિહિતના તેમજ ગ્રામ સેવાના કાર્યોમાં યથાશકિત ભાગ લઇ રહ્યું છે તેને સુજ્ઞ મહાશયો તરફથી ઉત્તેજન મળતાં ક્રમે ક્રમે વધુ ઉત્સાહી બનશે, તો આશા છે કે આપનો ઉદાર હાથ લંબાવી આભારી કરશો.

મંત્રીઓ.

શ્રી. અં. ઔ. હિ. મં. સાણંદ.

પુસ્તકો મળવાનું ઠેકાણું

૧. મણિલાલ મનસુખરામ પંડયા. ઠે. હોળીચકલે. સાણંદ
૨. બાપાલાલ. હરનારાયણ પંડિત. ઠે. પંડિત પર્ણકુટિ-સાણંદ

બહાર ગામવાળાએ અર્ધા આનાની પોસ્ટેજ ટીકીટો મોકલી ઉપરોક્ત શીરનામેથી મંગાવી લેવું.

ૐ શાન્તિ શાન્તિ